# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-03-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1) **ગુજરાત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 31 માર્ચે ગુજરાતની મુલાકાતે-18 હજાર કરોડ રૂપિયાથી વધુના પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.**

2) **કેન્દ્ર સરકારનો પુનરોચ્ચાર-દેશમાં પેટ્રોલ-ડીઝલ અને LPG પુરવઠાની સ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં.**

3) **પોલીસ આવાસો માટે રાજ્યમાં એક સમાન 'ફ્લેટ એલોટમેન્ટ સ્કીમ' અમલમાં મુકાશે.**

4) **રાજ્યમાં ફરી એકવાર માવઠાના સંકેત- 29 અને 30 માર્ચે વરસાદની આગાહી.**

5) **રાષ્ટ્રીય કક્ષાની એથ્લેટિકસ સ્પર્ધામાં ગુજરાતની પાયલ જામોદે ઉંચી કૂદમાં સુવર્ણ ચંદ્રક જીત્યો.**

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM GUJARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 31 માર્ચે વાવ-થરાદ જિલ્લાના લાખણી તાલુકાના નાણી ખાતે આવશે. ત્યારે આ કાર્યક્રમ અંગે વાવ-થરાદ અને બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. કાર્યક્રમની પૂર્વ તૈયારીઓના ભાગરૂપે આજે કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે નાણી ખાતે સ્થળની મુલાકાત લીધી હતી અને સુરક્ષા તેમજ જન સુવિધાના આયોજનની સમીક્ષા કરી હતી. આ અંગે વધુ માહિતી આપતા શ્રી પટેલે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી 18 હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

(Byte: Hrishikesh Patel, Cabinet Minister)

# GOVT - LPG

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે પુનરોચ્ચાર કર્યો છે કે દેશમાં પેટ્રોલ-ડીઝલ અને LPG પુરવઠાની સ્થિતિ સંપૂર્ણપણે સુરક્ષિત અને નિયંત્રણમાં છે. તેમણે કહ્યું કે, બધા છૂટક ઇંધણ આઉટલેટ્સ પર પૂરતો પુરવઠો છે અને દેશમાં ક્યાંય પણ પેટ્રોલ, ડીઝલ અથવા LPG ની કોઈ અછત નથી. ભારત આજે વિશ્વના 41 થી વધુ સપ્લાયર્સ પાસેથી વધુ ક્રૂડ ઓઇલ મેળવી રહ્યું છે. મંત્રાલયે કહ્યું કે, દરેક ભારતીય રિફાઇનરી 100 ટકાથી વધુ ક્ષમતા પર ચાલી રહી છે. ભારત પાસે કુલ 74 દિવસની અનામત ક્ષમતા છે અને વાસ્તવિક પુરવઠો 60 દિવસનો છે.

# SANGHVI POLICE AWAS

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, રાજ્યમાં પોલીસ આવાસો માટે એક સમાન 'ફ્લેટ એલોટમેન્ટ સ્કીમ' અમલમાં મુકાશે. આજે સુરતમાં 116 કરોડ રૂપિયાના ખર્ચે પોલીસ વિભાગના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરતાં તેમણે આ મુજબ જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલની ઉપસ્થિતિમાં પોલીસ આવાસ, હોર્સ રાઈડીંગ શાળા, પુસ્તકાલય, પોલીસ મથક સહિતના કામોનું લોકાર્પણ અને  લાજપોર જેલમાં કિચનર્સ બેરેકનું ખાતમુહુર્ત કરાયું. આ પ્રસંગે શ્રી સંઘવીએ જણાવ્યું હતું કે દેશના ઇતિહાસમાં પહેલીવાર કોઈ રાજ્ય સરકારે કોન્સ્ટેબલ પરિવારજનો માટે એક સાથે 20 હજારથી વધુ મકાનો બનાવવાનો નિર્ણય કર્યો છે.

(Byte: Harsh Sanghvi, Deputy Chief Minister)

# ACHARYA DEVVRATJI

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઈ તાલુકાના વડોદ ગામે 150 જેટલા ખેડૂતો સાથે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો. જેમાં શ્રીદેવવ્રતે દેશની ભાવિ પેઢીને સુરક્ષિત કરવા માટે પ્રાકૃતિક ખેતી અપનાવા પર ભાર મૂક્યો હતો. તેમણે પ્રાકૃતિક કૃષિ પેદાશોના સ્ટોલ્સની મુલાકાત લઈ ખેડૂતોને પ્રોત્સાહિત કર્યા હતા.

શ્રી દેવવ્રતજીએ વડોદ ગામની પ્રાથમિક શાળામાં રાત્રિ વિશ્રામ બાદ વહેલી સવારે વિદ્યાર્થીઓ ને વિવિધ યોગાસનો તથા પ્રાણાયામ ના મહત્વ વિશે માહિતી આપી અને વિદ્યાર્થીઓ સાથે યોગ અને પ્રાણાયામ કર્યા હતા.

# BJP PRESS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ચૂંટાયેલી સરકારના વડા તરીકે સૌથી વધુ સેવા આપનાર નેતા બન્યા છે આ ઐતિહાસિક રેકોર્ડ સંદર્ભે આજે પ્રદેશ ભાજપ દ્વારા ગાંધીનગર કાર્યાલય 'શ્રી કમલમ' ખાતે પત્રકાર પરિષદ યોજાઇ, જેમાં પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું, છેલ્લા 24 વર્ષના જાહેર જીવનમાં શ્રી મોદીએ રાષ્ટ્રના સેવક તરીકે પોતાના જીવનનું સમર્પણ કર્યું. તેમણે ઉમેર્યું, પ્રધાનમંત્રીનું વ્યક્તિત્વ અને કાર્યશૈલી ભાજપના દરેક કાર્યકર્તા માટે પ્રેરણાસ્રોત છે. શ્રી વિશ્વકર્માએ કહ્યું, આ 8 હજાર 931 દિવસની યાત્રા રાષ્ટ્રહિતને સર્વોપરી રાખીને નિ:સ્વાર્થ જનસેવાની યાત્રા છે.

# MGVCL BILL

મધ્ય ગુજરાત વીજ કંપની-MGVCL એ પંચમહાલના ગોધરા વર્તુળમાં બાકી વીજ બિલ વસૂલાત માટે મોટાપાયે ઝુંબેશ યોજી. આ ઝુંબેશમાં 24 હજાર 280 ગ્રાહકો પાસેથી 3 કરોડ 51 લાખ રૂપિયા વસૂલાયા છે. આ કામગીરીમાં એક હજાર થી વધુ ટીમોએ ગોધરા, હાલોલ, લુણાવાડા, દાહોદમાં આ કાર્યવાહી કરી હતી. કુલ 44 હજાર 614 ગ્રાહકોમાંથી 6 કરોડ રૂપિયાની વસૂલાતનું લક્ષ્ય રખાયું છે.MGVCL એ ગ્રાહકોને સમયસર બિલ ભરવાની અપીલ કરી છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

DESK

# RAMNAVMI

રાજ્ય સહિત દેશભરમાં આજે રામનવમીની ભક્તિપૂર્વક માહોલમાં ઉજવણી કરવામાં આવી. મોરબી જિલ્લામાં ભવ્ય શોભાયાત્રામાં ભગવાન શ્રીરામના રથની સાથે શિવાજી મહારાજની પ્રતિમા,જેસીબી આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. જેમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા. સુરેન્દ્રનગર જિલ્લામાં પણ જોરાવરનગર ખાતે ભવ્ય શોભાયાત્રા યોજાઇ. વલસાડ જિલ્લામાં કોસંબા રોડ પર આવેલા 350 વર્ષ જૂના 'મિની અયોધ્યા'રામજી મંદિરે ભગવાન શ્રીરામનો અભિષેક,શૃંગાર અને મહાઆરતી કરવામાં આવી. જે અંગે મહંત  કિશોરદાસજીએ વધુ માહિતી આપી.

## (બાઇટ : મહંત કિશોરદાસજી)

સાબરકાંઠા જિલ્લાના ઇડર, બનાસકાંઠાના કટાવ ધામ અને થરાદ ખાતે પણ રામનવમીની ભવ્ય ઉજવણી કરવામાં આવી. કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં પણ શ્રી રામ શોભાયાત્રા સમિતિ દ્વારા ભવ્ય શોભાયાત્રા નીકળી

# PRAFUL PANSHERIYA

આરોગ્યમંત્રી પ્રફુલ્લ પાનશેરીયાએ આજે સુરતના પુણા ગામમાં નવી આંગણવાડીનું લોકાપર્ણ કર્યું. તેમણે કહ્યું બાળકો ને પાયાનું શિક્ષણ અને પોષણ આપવા માટે રાજ્યસરકાર આધુનિક સુવિધા પુરી પાડવા કટિબધ્ધ છે.

તેમણે પ્રાથમિક શાળા ના બાંધકામ સ્થળ ની મુલાકાત લઈ ગુણવતા સાથે સમયસર કાર્ય પૂર્ણ કરવા સંબંધિત અધિકારીઓ ને સૂચના આપી હતી.તેમણે સુરત મહાનગરપાલિકાની નિર્માણાધિન 50 બેડની મલ્ટિસ્પેસિયાલિટી હોસ્પિટલ ની મુલાકાત લઈ જાણકારી મેળવી હતી.

# WEATHER

રાજ્યમાં ફરી એકવાર માવઠાના સંકેત મળી રહ્યા છે. હવામાન વિભાગ દ્વારા આગામી 29 અને 30 માર્ચે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર કચ્છ અને ઉતર ગુજરાતમાં ગાજવીજ સાથે વરસાદની શક્યતા છે. આ 2 દિવસ દરમિયાન 30 થી 40 પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. ત્યારે આગામી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે.દાસે જણાવ્યું. તેમણે ઉમેર્યું આજે સૌથી વધુ 38.5 ડિગ્રી સેલ્સિયસ તાપમાન અમરેલીમાં નોંધાયું.

(Byte: Dr. A.K. Das, Director)

# DAAK ADALAT

અમદાવાદ જિલ્લાના શાહીબાગ ખાતે ટપાલ સેવાને લગતા પ્રશ્નોના નિરકરણ માટે આગામી તારીખ 30 માર્ચ 2026 સોમવારે સવારે 10.00 કલાકે ડાક  અદાલતનું આયોજન કરાશે. આ અદાલતમાં નિતી વિષયક મુદ્દા સિવાયની ટપાલ સેવાઓને લગતા અન્ય મુદ્દાઓ સંબંધિત ફરિયાદોનો નિકાલ કરાશે.

અમદાવાદના RMS ‘AM’  વિભાગને લગતી ટપાલ સેવા સંબધિત સ્પસ્ટ અને મુદાસર  ફરિયાદો સિનિયર સુપ્રિટેન્ડેન્ટ ,RMS AM’ વિભાગ ,સ્પીડપોસ્ટ ભવન,શાહીબાગ,અમદાવાદ 380004 ને તારીખ 27 માર્ચ 2026 શુક્રવાર સુધી મોકલવાની રહેશે.

# ATHLETICS CHAMPIONSHIP

રાષ્ટ્રીય કક્ષાની એથ્લેટિકસ સ્પર્ધામાં ગુજરાતની પાયલ જામોદે ઉંચી કૂદમાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. નડિયાદ સ્ટેટ એથ્લેટિક્સ એકેડેમીની પાયલ જામોદે ઓડિશાના ભુવનેશ્વર ખાતે યોજાયેલી પહેલી રાષ્ટ્રીય ઇન્ડોર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ 2026માં 1.71 મીટરના કુદકા સાથે આ સિદ્ધિ હાંસલ કરી.

બીજી તરફ ઋષિરાજસિંહ ગોહિલે પણ આ જ ચેમ્પિયનશીપમાં અંડર-20 વર્ગમાં 6.87 સેકન્ડમાં 60 મીટર દોડી રજત ચંદ્રક જીત્યો છે.